For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

એક જ દિવસે પ્રવાસે ગયેલા સુરતના 5નાં મોત

દિવાળી વેકેશનના પ્રવાસે ગયેલા સુરતીઓ માટે શનિવાર ઘાતક સાબિત થયો હતો. એક જ દિવસે જુદી જુદી ઘટનામાં સુરત શહેર અને જિલ્લાની પાંચ વ્યક્તિના મોત થયા હતાં. જેમાં કર્ણાટકનો પ્રવાસ અનાવિલ સમાજના પરિવાર માટે અંતિમ પ્રવાસ બની ગયો હતો તેવી જ રીતે કીમના બોલાવના પરિવારને આગ્રામાં અકસ્માત નડ્યો હતો જેમાં બેના મોત થઇ ગયા હતા આ ઉપરાંત અડાજણના રહેવાસીને નર્મદા બ્રિજ પર અકસ્માત નડતાં તેનું મોત થયું હતું.

કર્ણાટકમાં હોડી પલટી જતાં અડાજણના દંપતીનું મોત

લાઈફજેકેટ પહેર્યા હતા પરંતુ દંપતી હોડી નીચે દબાઈ ગયું



અડાજણના ગ્રીન પાર્કમાં રહેતા ધર્મેશભાઈ દેસાઈ આર્કિટેક હતા જ્યારે પત્ની નીમ્મીબેન ભૂલકા વિહારનાં શિક્ષિકા હતાં

બંને બાળકોનો બચાવ

સુરતઃ દિવાળીના વેકેશનમાં પરિવાર સાથે ફરવા ગયેલા અડાજણના વધુ એક પરિવાર પર કુદરતે કહેર વરસાવ્યો છે. કર્ણાટકના કોડાગુ (કુર્ગ) જિલ્લામાં આવેલા હરંગી બેકવોટર્સમાં શુક્રવારે સાંજે હોડી પલટી જવાની દુર્ઘટનામાં દંપતીનું કરુણ મોત નીપજ્યું હતું,

...અનુસંધાન પાના 5 પર

દિવાળીની રજાઓ સુરતીઓ માટે બની કાળ ! અત્યાર સુધી 8નાં મોત

દિવાળીના તહેવારની રજાઓમાં પરિવાર સાથે ફરવા જવાનો ઉત્સાહ અનેક સુરતી પરિવારો માટે આ વખતે આજીવન ન ભૂલી શકાય તેવી દુઃખદ યાદ બની ગયો છે. દિવાળી વેકેશનમાં ધાર્મિક સ્થળોનાં દર્શન કરવા અને ફરવા માટે દેશ-વિદેશમાં ગયેલા સુરતના લોકો અલગ-અલગ અકસ્માતોનો ભોગ બન્યા છે. UAEના કુવૈરાહમાં ઓઇલ ટેન્કરના અકસ્માત બાદ લાગેલી આગમાં 13 વર્ષના બાળકનું મોત, ઉત્તરાખંડમાં કાર ખીણમાં ખાબકતાં પિતા-પુત્રીનાં મોત, કર્ણાટકમાં બોટ પલટી જતાં દંપતીનાં મોત અને હવે ઉત્તર પ્રદેશમાં અયોધ્યાથી આગ્રા જતી વખતે ટ્રાવેલર અકસ્માતમાં

...અનુસંધાન પાના 5 પર

ભરૂચ નર્મદા બ્રિજ પાસે ટ્રક સાથે અથડાતાં સુરતના યુવકનું મોત

ભરૂચઃ દિલ્લી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ભરૂચ નર્મદા બ્રિજ નજીક શનિવારે મળસ્કે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં સુરત રહેતા મૂળ કચ્છીમાંડુ આશાસ્પદ એક ૨૪ વર્ષીય યુવકનું મોત નીપજ્યું છે. ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતનાં અડાજણ પાટિયા પાસે જયઅંબે સોસાયટીમાં રહેતા લખમણભાઈ વેલાભાઈ રબારી દિવાળીના તહેવાર મનાવીને માદરે

...અનુસંધાન પાના 5 પર

કીમના બોલાવના શ્રદ્ધાળુઓને આગ્રામાં અકસ્માત, દિયર-ભાભીનું મોત



આગ્રા-લખનઉ એક્સપ્રેસવે પર ટ્રેલરની પાછળ ટ્રાવેલર ઘૂસી ગઇ, 11 ઘાયલ

કીમ: ઓલપાડ તાલુકાના બોલાવ ગામના શ્રદ્ધાળુઓનો ધાર્મિક પ્રવાસ ઉત્તર પ્રદેશના આગ્રા ખાતે ગમખ્વાર અકસ્માતમાં ફેરવાયો છે. આગ્રા-લખનઉ એક્સપ્રેસવે પર શ્રદ્ધાળુઓથી ભરેલી ટ્રાવેલર આગળ જઇ રહેલા ટ્રેલરની પાછળ ધડાકાભેર ઘૂસી જતાં સર્જાયેલા અકસ્માતમાં દિયર-ભાભીનાં મોત નીપજ્યાં છે, જ્યારે અન્ય 11 શ્રદ્ધાળુ ઘાયલ થયા છે. આ દુર્ઘટનાના પગલે બોલાવ ગામ સહિત સમગ્ર કીમ અને ઓલપાડ પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઇ છે.

...અનુસંધાન પાના 5 પર

11 ઇજાગ્રસ્ત શ્રદ્ધાળુઓની યાદી

અકસ્માતમાં મનોહર, ઉમાબેન, પદમબેન, ઉર્વશીબેન, કિન્ટુ કુમારી, કીરતસિંહ, પૃથ્વી, ફૂરુઠા, વર્ષાબેન, રેણુકાબેન અને હિનાબેન સહિત કુલ 11 શ્રદ્ધાળુ ઘાયલ થયા છે. તમામ

...અનુસંધાન પાના 5 પર

વિદેશી મહેમાનનું સુરતમાં આગમન



■ હજારો કિલોમીટરનો પ્રવાસ ખેડીને સીગલ પક્ષીઓ દર વર્ષે સુરતના મહેમાન બને છે. આ વર્ષે પણ આ પક્ષીઓ મોટી સંખ્યામાં આવી ગયા છે. હવે ફેબ્રુઆરી સુધી તેઓ સુરતમાં જ રહેશે. **(તસવીર : હેમંત ડેરે)**

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી આગામી દિવસોમાં ઠંડી વધવાની શક્યતા

દિવાળી બાદ ઠંડી ધીરે ધીરે જોર પકડવા લાગી

સુરતઃ સુરત શહેરમાં દિવાળી બાદ હવે ધીરે ધીરે ઠંડીનો ચમકારો અનુભવાવા લાગ્યો છે. હવામાનમાં થઈ રહેલા ફેરફારની સાથે તાપમાનમાં પણ ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. આજે શહેરનું મહત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને 35.4 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં નજીવો વધારો થતાં તે 20 ડિગ્રી પર પહોંચ્યું હતું. આમ, દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ યથાવત્ રહ્યો હોવા છતાં વહેલી સવારે અને મોડી રાત્રે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે હવામાં ભેજનું પ્રમાણ 36 ટકા નોંધાયું હતું. જ્યારે 8 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાયો હતો. પવનની દિશામાં ફેરફાર અને તાપમાનમાં થઈ રહેલા ઉતાર-ચઢાવને કારણે હવામાનમાં ધીરે ધીરે શિયાળાની અસર વર્તાવા લાગી છે. ઉલ્લેખનીય છે કે દિવાળી બાદથી જ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઠંડીના આગમનના સંકેતો મળી રહ્યા છે. જોકે, હજુ દિવસ દરમિયાન તાપમાન ઊંચું રહેતું હોવાથી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. બીજી તરફ, આગામી દિવસોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે વાતાવરણમાં ફેરફાર થવાની અને ઠંડીનું પ્રમાણ વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જો આ હવામાન પ્રણાલીની અસર જોવા

...અનુસંધાન પાના 5 પર

મહાદેવ એપ સટ્ટાકાંડમાં સુરતમાં સીબીઆઇના દરોડા

ઓમાનથી પ્રત્યાર્પિત મુખ્ય આરોપી સૌરભ ચંદ્રાકરની પૂછપરછમાં મળેલી જાણકારીના આધારે કાર્યવાહી

દેશનાં ૬ રાજ્યમાં 33 સ્થળે દરોડા, સટ્ટાની પેનલો ઝડપાઈ



મ્યુલ બેન્ક એકાઉન્ટ અને હવાલા નેટવર્કની કડી મળી

સીબીઆઈની તપાસમાં બહાર આવ્યું છે કે મહાદેવ ઓનલાઈન બુકનું સંચાલન વિદેશમાં આવેલી હેડ ઓફિસ મારફતે કરવામાં આવતું હતું, જ્યારે ભારતમાં પેનલ ઓપરેટરોનું વિશાળ નેટવર્ક સક્રિય હતું. આ ઓપરેટરો ગ્રાહકોને આઈડી આપીને સટ્ટો રમાડતા હતા અને સટ્ટામાં લગાવવામાં આવતી રકમ અન્ય વ્યક્તિઓના નામે ખોલાવેલા અથવા ભાડે મેળવેલા બેંક ખાતાઓમાં જમા કરાવતા હતા. ત્યારબાદ હવાલા નેટવર્ક મારફતે નાણાં વિદેશ મોકલવામાં આવતા હોવાની વિગતો તપાસમાં સામે આવી છે. દરોડા દરમિયાન સીબીઆઈને ડિજિટલ ઉપકરણો, મોબાઈલ ફોન અને ગુનાહિત પ્રવૃત્તિ સાથે જોડાયેલા દસ્તાવેજો મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ સાધનો અને દસ્તાવેજોનો ઉપયોગ મ્યુલ એકાઉન્ટ્સ તથા હવાલા વ્યવહારો માટે થતો હોવાના સંકેતો મળ્યા છે. જપ્ત કરાયેલી સામગ્રીની તપાસ કરીને નાણાંના વ્યવહારો અને નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકોની ભૂમિકા ચકાસવામાં આવી રહી છે.

મહાદેવ એપનું કરોડોનું સટ્ટા નેટવર્ક

મહાદેવ ઓનલાઈન બુકનું નેટવર્ક ૨૦૧૮-૧૯ દરમિયાન છત્તીસગઢના ભિલાઈના રહેવાસી સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ દ્વારા શરૂ કરવામાં આવ્યું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. દુબઈથી સંચાલિત આ સિન્ડિકેટ ક્રિકેટ, ફૂટબોલ, ટેનિસ, પોકર સહિતની રમતો પર ગેરકાયદે ઓનલાઈન સટ્ટો રમાડતું હતું. સમગ્ર કારોબાર ફેન્ચાઇઝી મોડલ પર ચાલતો હતો, જેમાં દેશભરમાં 'પેનલ' અને 'બ્રાન્ચ'ના નામે સ્થાનિક ઓપરેટરોને નેટવર્ક સાથે જોડવામાં આવતા હતા. સટ્ટામાંથી થતી કમાણીનો મોટો હિસ્સો વિદેશમાં બેઠેલા મુખ્ય સંચાલકો સુધી પહોંચતો હોવાનો આરોપ છે. નાણાંની હેરફેર માટે સામાન્ય નાગરિકોના દસ્તાવેજોનો ઉપયોગ કરીને મ્યુલ અને બેનામી બેંક ખાતાં ખોલાવાતાં હતાં અને તેના મારફતે હવાલા તથા ક્રિપ્ટોકરન્સી દ્વારા નાણાં વિદેશ મોકલવામાં આવતાં હતાં. ફેબ્રુઆરી ૨૦૨૩માં સૌરભ ચંદ્રાકરે યુએઈમાં અંદાજે રૂ. ૨૦૦ કરોડના ખર્ચે ભવ્ય લગ્ન યોજ્યાં હોવાના અહેવાલો અને તેમાં હવાલા મારફતે નાણાં ચૂકવાયાના આરોપો બાદ આ કૌભાંડ રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યું હતું. તપાસ એજન્સીઓએ આ નેટવર્કને રાજકીય અને વહીવટી સ્તરે કથિત સંરક્ષણ મળ્યું હોવાના આક્ષેપોની પણ તપાસ હાથ ધરી છે. ઈડીએ ભારત અને વિદેશમાં આશરે રૂ. ૩,૫૦૦ કરોડથી વધુની સંપત્તિ ટાંચમાં લીધી હોવાનો દાવો છે. બીજી તરફ, સૌરભ ચંદ્રાકરના ઓમાનમાંથી પ્રત્યાર્પણ બાદ સીબીઆઈની પૂછપરછમાં પેનલ ઓપરેટરો અને નાણાંના વ્યવહારો અંગે મળેલી વિગતોના આધારે દેશનાં છ રાજ્યોમાં 33 સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. આમ, આ કૌભાંડ માત્ર ઓનલાઈન સટ્ટાબાજી પૂરતું મર્યાદિત ન રહીને આંતરરાષ્ટ્રીય નાણાંની હેરફેર અને સંભવિત રાજકીય-વહીવટી સાંઠગાંઠ સુધી વિસ્તર્યું હોવાની તપાસ ચાલી રહી છે.

સૌરભ ચંદ્રાકરની પૂછપરછમાં પેનલ ઓપરેટરોની વિગતો બહાર આવી

મહાદેવ એપ કેસના મુખ્ય આરોપીઓમાંના એક સૌરભ ચંદ્રાકરનું ઓમાનમાંથી પ્રત્યાર્પણ થયા બાદ સીબીઆઈએ ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ તેની ધરપકડ કરી હતી. રાયપુરની વિશેષ સીબીઆઈ અદાલતે તેને આઠ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપ્યો હતો. આ દરમિયાન તેની પૂછપરછમાં પ્લેટફોર્મની કાર્યપદ્ધતિ, ભારતમાં કાર્યરત પેનલ ઓપરેટરો અને નાણાંની હેરફેરના નેટવર્ક અંગે વિગતો બહાર આવી હતી. તપાસ દરમિયાન એકત્ર કરાયેલા દસ્તાવેજી અને ડિજિટલ પુરાવાઓનો સામનો પણ તેને કરાવવામાં આવ્યો હતો. પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં ૧૨ નવેમ્બરે તેને રાયપુરની વિશેષ સીબીઆઈ અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. અદાલતે તેને ૧૯ નવેમ્બર સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો છે.

ફરાર આરોપીઓ અને જાહેર સેવકોની ભૂમિકાની તપાસ

છત્તીસગઢ સરકાર તરફથી તપાસ સીબીઆઈને સોંપાયા બાદ મહાદેવ ઓનલાઈન બુક મામલે બે FIR નોંધવામાં આવી છે. હાલ વિદેશમાં રહેલા અન્ય આરોપીઓ, સટ્ટાબાજીના નેટવર્કને મદદ કરનાર વ્યક્તિઓ અને આ સમગ્ર ગેરકાયદે કારોબારમાં સંડોવણી હોવાની આશંકા ધરાવતા જાહેર સેવકોની ભૂમિકાની તપાસ ચાલી રહી છે. ફરાર આરોપીઓના પ્રત્યાર્પણ માટે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સીબીઆઈએ જાહેર જનતાને ચેતવણી આપી છે કે ઓનલાઈન સટ્ટાબાજી અને જુગાર ગેરકાયદેસર છે. કોઈને પણ સટ્ટાબાજી માટે પોતાનું બેંક ખાતું, સિમકાર્ડ કે ઓળખના દસ્તાવેજો આપવા અથવા ભાડે આપવાથી ખાતાધારક પણ ફોજદારી કાર્યવાહીનો સામનો કરી શકે છે.

લાભ પાંચમના શુભ મુહૂર્તે લોકોએ વેપાર ધંધો શરૂ કર્યો

દિવાળી વેકેશન બાદ વેપારીઓ ફરી કામકાજમાં જોડાયા, નવા વર્ષના વેપારની શરૂઆત સાથે બજારોમાં ધમધમાટ શરૂ

સુરતઃ દિવાળી અને નવા વર્ષની રજાઓ બાદ આજે લાભ પાંચમના પવિત્ર પર્વથી સુરતના વેપાર-ધંધાનો વિધિવત્ પ્રારંભ થયો હતો. ખાસ કરીને સુરતના કાપડ બજારોમાં વેપારીઓએ શુભ મુહૂર્તમાં પૂજા-અર્ચના કરી દુકાનોના દ્વાર ખોલ્યા



હતા અને નવા વર્ષના વેપારની શરૂઆત કરી હતી. જો કે, કેટલાકે તો મુહુર્ત પૂરતી જ દુકાન ખોલી હતી. પણ ખરુ બજારતો સોમવારથી જ ધમધમતું થશે. તેવું વેપારીઓના સૂત્રોએ જણાવ્યું હતું.

લાભ પાંચમના દિવસે શુભ

...અનુસંધાન પાના 5 પર

ખરૂ બજાર સોમવારથી જ ધમધમતું થશે

લાભ પાંચમના પર્વે સુરતમાં વેપાર-ધંધાની નવી શરૂઆત માટે સવારે 6:49થી 10:32 વાગ્યા સુધીનું શુભ મુહૂર્ત રહ્યું હતું. આ સમય દરમિયાન વેપારીઓએ દુકાનોમાં પૂજા-અર્ચના કરી નવા હિસાબ-કિતાબની શરૂઆત કરી હતી. આ ઉપરાંત સવારે 8:13થી 9:37 વાગ્યા સુધી શુભ ચોઘડિયું અને બપોરે 1:48થી 3:11 વાગ્યા સુધી લાભ ચોઘડિયું રહ્યું હતું. વેપારીઓ માટે લાભ પાંચમ નવા

...અનુસંધાન પાના 5 પર

બીઓબીના મેનેજરે લોન ભરપાઇ થયા પછી સેલ સર્ટિ બનાવ્યું

રિકવરી મેનેજરે મળતીયાના નામે ગેરકાયદે સેલ સર્ટિફિકેટ બનાવી કબજો સોંપ્યો

સુરતઃબેંક ઓફ બરોડાની ભટાર રોડ શાખાના જવાબદાર ઉચ્ચ અધિકારીએ પોતાના મળતીયા સાથે મિલીભગત કરીને એક દંપતી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હોવાની ગંભીર ઘટના સામે આવી છે.

અલથાણ ભીમરાડ કેનાલ રોડ સ્થિત સમર્થ માર્ટેન હિલ્સમાં રહેતા વિશાખાબેન અશોકભાઈ ખાખોલીયા (ઉ.વ. 47) દ્વારા ખટોદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમના પતિ દૈનિક સમાચાર પત્ર ચલાવે છે. તેમણે વર્ષ 2012 અને 2016 માં બેંક ઓફ બરોડાની ભટાર શાખામાંથી કુલ રૂ. 1.15 કરોડની લોન લીધી હતી, જેની સામે વિશાખાબેનની માલિકીનો પરવટ પાટીયા સ્થિત ગુરુકૃપા કોમ્પ્લેક્સનો ફ્લેટ નંબર-303 મોર્ગેજમાં મૂકવામાં આવ્યો હતો.નાણાં ભરપાઈ ન થઈ શકતાં લોન ખાતું એન.પી.એ.થયું હતું અને બેંકે તા. 05/10/2021 ના રોજ ફ્લેટને સીલ મારી દીધું હતું. ત્યારબાદ લોનના ગેરેન્ટર પ્રદિપ અગ્રવાલે 'વન-ટાઈમ સેટલમેન્ટ' માટે અરજી કરતા તત્કાલીન રિકવરી અને ચીફ મેનેજર સંજયકુમાર સિન્હા (રહે. મુક્તાનંદ સોસાયટી, વેસુ) ના જણાવ્યા મુજબ રૂ. 51,50,000/- ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે બેંકમાં જમા કરાવી દેવામાં આવ્યા હતા. બેંકે 'નો-ડ્યુ સર્ટિફિકેટ' અને રિલીઝ દસ્તાવેજ કરી અસલ કાગળો પરત આપ્યા હોવા છતાં મેનેજરે પોતાના મળતીયા પરમાનંદ માલપાનીના નામે ગેરકાયદેસર સેલ સર્ટિફિકેટ બનાવી આપી ફ્લેટ પચાવી પાડતા પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બેંક ઓફ બરોડા દ્વારા રૂ. 51.50

...અનુસંધાન પાના 5 પર

સાતમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. રાજેશભાઈ ચીમનભાઈ પટેલ
જન્મ તા.: ૧૭/૧૧/૧૯૭૧ । સ્વ.તા.: ૧૫/૧૧/૨૦૧૯
પ્રેમ, વાત્સલ્ય, કરૂણા, મમતા અને સંસ્કારોનું મૂર્તિમંત્ર સ્વરૂપએવા આપે પરિવાર માટે સંભારણા મુકી ગયા. વહેવાર સદા ચૂક્યા નહીં, ધર્મ સદા ભૂલ્યા નહીં, તમારા સ્નેહભર્યા સ્મરણો સર્વોને પ્રેરણા આપતા રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના.
ગં.સ્વ. સુનિતાબેન રાજેશભાઈ પટેલ
ચીમનભાઈ ભીખાભાઈ પટેલ | મંજુલાબેન ચીમનભાઈ પટેલ
સ્વ. ઠાકોરભાઈ ફકીરભાઈ પટેલ | ગં.સ્વ. નાનીબેન ઠાકોરભાઈ પટેલ
કલ્પેશભાઈ ચીમનભાઈ પટેલ | અલ્પાબેન કલ્પેશભાઈ પટેલ
કિરણભાઈ ઠાકોરભાઈ પટેલ | રીન્કુબેન કિરણભાઈ પટેલ
ઉમેશભાઈ ઠાકોરભાઈ પટેલ | સીરીનાબેન ઉમેશભાઈ પટેલ
માર્ક રાજેશભાઈ પટેલ | દ્વિતી માર્ક પટેલ
હેન્વી રાજેશભાઈ પટેલ | દિન્સી કલ્પેશભાઈ પટેલ
મીત કિરણભાઈ પટેલ | લીશા મીત પટેલ
રૂચિત, સાંઈ, દેવ, પલ તથા સમસ્ત પરિવાર
સ્થળ : પોલીસ લાઈન સામે, નવા મગદલ્લા, ડુમસ રોડ, સુરત.

ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. લક્ષ્મીબેન ભગુભાઈ આહિર
જન્મ તા. ૦૫/૦૭/૧૯૬૯
સ્વ. તા. ૦૭/૧૧/૨૦૨૬

સારા કર્મોની સુગંધ સદાય રહેશે, દેહ ભલે અદૃશ્ય થયો પણ આપની મધુર યાદ અમારી સાથે રહેશે. તમારા વિના જીવનની હર ખુશી અધુરી લાગશે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
ગં.સ્વ. દિવાળીબેન રણછોડભાઈ આહિર (માતા)
ગં.સ્વ. લલીતાબેન ભીખાભાઈ આહિર (કાકી)
કિશોરભાઈ રણછોડભાઈ આહિર (ભાઈ) | ધનુબેન કિશોરભાઈ આહિર (ભાભી)
રાકેશભાઈ રણછોડભાઈ આહિર (ભાઈ) | કલ્પનાબેન રાકેશભાઈ આહિર (ભાભી)
વસંતભાઈ ભીખાભાઈ આહિર (ભાઈ) | જશુબેન વસંતભાઈ આહિર (ભાભી)
હિતેશભાઈ ભીખાભાઈ આહિર (ભાઈ) | હિરલબેન હિતેશભાઈ આહિર (ભાભી)
ગામ-આસુંદર



શ્રદ્ધાંજલિ
સ્મરણ કરીએ આપનું શ્રદ્ધાંજલિ
અર્પણ કરીએ છીએ.
હંમેશા રહે આશીર્વાદ આપના,
પ્રભુને એ પ્રાર્થના કરીએ છીએ
લિ.
કેતનભાઈ કંચનભાઈ દેસાઈ | કલ્પનાબેન કેતનભાઈ દેસાઈ
જતન કેતનભાઈ દેસાઈ | લિઝા જતન દેસાઈ
પંથ જતન દેસાઈ
સ્વ. આ.સૌ. દિવ્યાબેન નિતિનભાઈ દેસાઈ
સ્વ. તા. ૧૦/૧૧/૨૦૨૬

"यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते । " ॥3.21॥
(શ્રેષ્ઠ લોકો જે પણ આચરણ કરે છે,
અન્ય મનુષ્ય પણ તેનું અનુકરણ કરે છે.
તેઓ જે પણ પ્રમાણિત કરે છે,
અન્ય મનુષ્ય પણ તેનું જ આચરણ કરે છે)



સ્વ. સુશીલભાઈ પરભુભાઈ ભાજીવાળા
સ્વ.તા. ૧૫/૧૧/૨૦૨૪

સ્વ. સુશીલભાઈ પરભુભાઈ ભાજીવાળા (એડવોકેટ)
એમનું વ્યક્તિત્વ એટલે...
નિસ્ઠાવાન, નીડર અને નમ્રતાનો ત્રિવેણી સંગમ...
પરિશ્રમી, પરોપકારી, પૂજનીય,
પારખું દ્રષ્ટિ અને પુરૂષાતનનું પંચામૃત...
ધીરજ, ખંત અને ઉત્સાહ તેઓના મજબુત મનોબળનો સચોટપર્યાય...
એવા સ્મરણીય પૂજય આજ્ઞાકારી દિકરાને
દ્વિતીય પુણ્યતિથિએ સહૃદયથી સાદર શ્રદ્ધાંજલિ અને સ્મરણાંજલિ
શ્રી પરભુભાઈ બાલુભાઈ ભાજીવાળા (પિતા)
શ્રીમતી કલાબેન પરભુભાઈ ભાજીવાળા (માતા)
ગં.સ્વ. પ્રિતીબેન સુશીલભાઈ ભાજીવાળા (પત્ની)
બ્રીજ સુશીલભાઈ ભાજીવાળા (પુત્ર) | દુર્વા સુશીલભાઈ ભાજીવાળા (પુત્રી)
ફાલ્ગુની કિષ્નાકુમાર પટેલ (બેન) | કિષ્નાકુમાર પટેલ (બનેવી)
કવિર કિષ્નાકુમાર પટેલ (ભાણેજ)
રહે. ડી-૧, મહાલક્ષ્મી સોસાયટી, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત.

ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. જાગૃતિબેન વિનયભાઇ કોન્ટ્રાક્ટર
સ્વ. તા. ૧૫/૧૧/૨૦૨૩
કેટલાક સંબંધો શબ્દોથી નહીં, પણ હૃદયની લાગણીઓથી જીવંત રહે છે. વર્ષો વીતશે, સમય બદલાશે, પણ તેમની ખોટ ક્યારેય ઓછી નહીં થાય. તેમના સંસ્કાર, પ્રેમ અને આશીર્વાદ સદાય પરિવારનું માર્ગદર્શન કરતા રહેશે. પ્રભુ તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના...
વિનયભાઈ સી. કોન્ટ્રકટર
વિજયભાઈ સી. કોન્ટ્રકટર
કલ્પના વી. કોન્ટ્રકટર
વિશેષ, બાની,
એકતા, અમિત, આકાંક્ષા, કરણ,
વિકાંત, ચૈતાલી, વિરાટ
3, મહાત્મા ગાંધી સોસાયટી, સિટીલાઈટ, સુરત.

અનાવિલ અવસાન - બેસણું



સ્વ. હિના જીતેન્દ્ર દેસાઈ
(એડવોકેટ)
તા.૧૨/૧૧/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા ભત્રીજી/બહેન હિના જીતેન્દ્ર દેસાઈ (એડવોકેટ) તારીખ ૧૨/૧૧/૨૦૨૬ ના રોજ દેવલોક પામ્યા છે.
સદ્ગતનું બેસણું તા.૧૬/૧૧/૨૦૨૬ ને સોમવારના રોજ બીજો માળ, ચિત્રાંગ દેસાઈ સંસ્કાર ભવન, દયાળજી આશ્રમ, મજુરાગેટ, સુરત મુકામે સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન રાખેલ છે.
પ્રભુ સદ્ગતના આત્માને પરમ શાંતિ અર્પે.
લૌકિક રિવાજ સદંતર બંધ છે.
લિ. શોકાતુર
ડો.પીના જે દેસાઈ (બહેન) | કૃષ્ણલાલ સી. દેસાઈ (કીકુભાઈ)(કાકા) (એડવોકેટ)
ગં.સ્વ.ઉષા પી. દેસાઈ (કાકી) | મહાદેવભાઈ સી દેસાઈ (કાકા)
સૌ. પન્ના કે. દેસાઈ (કાકી) | બીંબીસાર દેસાઈ
ઉર્મિલા એચ. દેસાઈ | રાજેન્દ્ર પી. દેસાઈ
ઋષીના દેસાઈ | હિમાંશુ પી. દેસાઈ
તથા સ્વ. છગનભાઈ ડાહયાભાઈ દેસાઈ (એડવોકેટ) પરિવાર